# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૩૨ અંક : ૧૮૨ તા ૬-૪-૨૦૨૬ પાનાં ૪ માલિક : ચાણક્ય મીડિયા હાઉસ પ્રા. લિ. તંત્રી : પરેશ ગંજવાલા, સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# ફરી એક વખત બજારનું સેન્ટીમેન્ટ ખખડી ગયું

**દેશભરમાં ફુગાવો અંકુશ બહાર જાય તે ભય સતત માથા ઉપર છે**



મંગળવારની રજા પછી બુધવારે ભારતીય શેરબજારમાં તોતિંગ ઉછાળો જોવાયો હતો. આગલા દિવસે મંગળવારે યુરોપિયન બજારો અને અમેરિકન શેરબજારમાં પણ સુંદર વૃદ્ધિ જોવાઈ હતી અને તેનું પ્રતિબિંબ બુધવારે ભારતીય શેરબજાર ઉપર પડ્યું હતું પરંતુ ગુરુવારે સવારે અમેરિકન પ્રમુખ દ્વારા આવતા ત્રણ અઠવાડિયામાં ઈરાન ઉપર કાતિલ હુમલો કરવામાં આવશે અને જો તેના નેતાઓ યોગ્ય સમજૂતી ઉપર નહિ આવે તો ઈરાનને પથ્થરયુગમાં પાછું ધકેલી દેવાશે તેવું પ્રવચન આપ્યા પછી તમામ એશિયાઈ અને ભારતીય શેરબજારમાં ખૂબ જ મોટો ઘટાડો જોવાયો હતો.

ભારતીય શેરબજાર ખૂલતાની સાથે જ ૧૪૦૦ પોઈન્ટ તૂટ્યું હતું અને તે જ પ્રકારે નિફ્ટી અને બેંકનિફ્ટીમાં પણ તીવ્ર ઘટાડો જોવાયો. મોટા ભાગના રોકડાના શેરમાં ત્રણથી ચાર ટકા ભાવ તૂટી ગયા હતા અને આગામી દિવસોમાં અમેરિકન પ્રમુખ પોતાની ઘટી રહેલી લોકપ્રિયતાને બચાવવા માટે આવું કડક વલણ અપનાવે તે સંપૂર્ણપણે શક્ય છે.

ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા જ્યારે ઈરાન સામે યુદ્ધ શરૂ કરાયું હતું ત્યારે તેમની જાસૂસી એજન્સીના તારણ મુજબ એકાદ અઠવાડિયામાં જ યુદ્ધ પતી જવાની સંભાવના હતી પરંતુ તેને બદલે ૩૫ દિવસ થઈ ગયા અને હજુ પણ યુદ્ધમાં કોઈ જ પરિણામ નથી દેખાતા. અને સામે પક્ષે ઈરાને હોર્મુઝની ખાડીમાંથી એકદમ સિલેક્ટિવ ધોરણે વહાણો પસાર થવા દેવાનો નિર્ણય લેતા આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડતેલ અને ગેસના ભાવમાં ખૂબ જ મોટો ઉછાળો જોવાયો છે. બીજી તરફ કતારની ગેસ ક્ષમતા ઉપર અને સ્ટોરેજ ઉપર ઈરાનના હુમલાને કારણે તેમાં પણ સપ્લાયને ગંભીર ફટકો પડ્યો છે અને તેને કારણે પણ વિશ્વભરમાં અને સાથે સાથે અમેરિકામાં પણ પેટ્રોલ અને ડિઝલના ભાવમાં તોતિંગ ઉછાળો જોવાય છે. અને અમેરિકામાં પણ પેટ્રોલના ભાવ આસમાને પહોચી જતા તેની અસર ફુગાવા ઉપર અને અમેરિકન પ્રમુખની લોકપ્રિયતા ઉપર પડી છે.

આમ આગામી દિવસોમાં પોતાની લોકપ્રિયતા ટકાવી રાખાવ માટે અને યુદ્ધ ઝડપથી પૂરું થાય તે માટે અમેરિકન પ્રમુખ દ્વારા કાતિલ હુમલો કરવામાં આવશે તે અંગે કોઈ આશંકા નથી.

સામે પક્ષે ભારતમાં અત્યારે ભલે પરિસ્થિતિ શાંતિપૂર્વક લાગતી હોય પરંતુ જે રીતે વડાપ્રધાન દ્વારા વિરોધપક્ષના નેતાઓ અને સીએસએસની મિટિંગ યોજવામાં આવી તે કોઈક ગંભીર ડેવલપમેન્ટ આવી રહ્યાનો સંકેત આપે છે. વિવિધ રાજ્યોમાં ચૂંટણી માથા ઉપર છે અને તેવા સંજોગોમાં જ્યારે વડાપ્રધાન આ રીતે વિરોધપક્ષના નેતાઓ સાથે બેઠક યોજતા હોય તો તેને કારણે આગામી દિવસોમાં ગેસ અને પેટ્રોલનું સકંટ વધારે ઘેરું બનશે તે ભય પ્રજાના માનસ ઉપર જોવાય છે.

સામે પક્ષે રૂા. ૯૫ના લેવલ ઉપર પહોંચી ગયા પછી રિઝર્વ બેંકની દરમ્યાનગીરીને કારણે ભારતીય રૂપિયો અત્યારે ૯૩ આસપાસ નીચો આવી શક્યો છે તેમ છતાં જે રીતે ભારતની આયાતો સતત વધતી જાય છે અને નિકાસોને ગંભીર ફટકો પડ્યો છે તેને કારણે રૂપિયો લાંબો સમય સુધી ૯૩ આસપાસ પકડાઈ રહે તે સંભાવના નથી દેખાતી અને રૂપિયો નબળો પડતા જ એક તરફ ક્રૂડની પડતર ફરી પાછી વધી જશે અને સાથે સાથે દેશભરમાં ફુગાવો અંકુશ બહાર જાય તે ભય સતત માથા ઉપર છે.

ચાણક્યના કરન્સી ડેસ્કના અભ્યાસ મુજબ અત્યારે જે રીતે રૂપિયાને ખેંચીને ૯૩ના લેવલે લાવવામાં આવ્યો છે તે સહેજ પણ સ્પ્રિંગ છોડવામાં આવતા ૯૫.૫૦-૯૬ પહોંચી જતા વાર નહિ લાગે. અને લાંબો સમય રિઝર્વ બેંક માટે પણ રૂપિયાને આ રીતે કૃત્રિમ રીતે મજબૂત રાખવો શક્ય નથી. આમ આ પાસું પણ અર્થતંત્ર માટે નકારાત્મક છે.

પરંતુ સામે પક્ષે છેલ્લા પાંચ-છ અઠવાડિયાના ડેવલપમેન્ટ પછી અસંખ્ય શેરો ખૂબ જ નીચા અને આકર્ષક વેલ્યૂએશન ઉપર આવી ગયા છે અને સાથે સાથે અસંખ્ય બિઝનેસ એવા પણ છે કે જેની કામગીરી અને નફાશક્તિને યુદ્ધની પરિસ્થિતિને કારણે અસર થવાની સંભાવના નહિવત છે અને તેથી તેવા શેરો ઉપર ફોકસ વધારી શકાય અને આવા શેરોમાં ખાંડના શેરો, એચડીએફસી બેંક, ઈટર્નલ, ઈક્ઝિગો અને અર્બન કંપની વગેરે શેરોને આ કેટેગરીમાં મૂકી શકાય કે જેમના બિઝનેસો સ્થિતિસ્થાપક નથી અને તેમની નફાશક્તિને પણ અસર થવાનો ભય નહિવત છે અને તેથી અત્યારના ઘટેલા અને આકર્ષક લેવલે આવેલા વેલ્યૂએશન ઉપર તે શેરોને લિક્વીડીટી હોય તો થોડા થોડા કરીને ભેગા કરી શકાય.

એફએમસીજી કંપનીઓને આ વખતના એનાલિસીસમાં બે હિસ્સામાં વહેંચવી પડે. એક હિસ્સામાં જે કંપનીઓ આયાતી કાચામાલ ઉપર વધારે નિર્ભર છે અને જે કંપનીઓ આયાત કાચામાલ ઉપર ખૂબ જ ઓછી નિર્ભરતા દર્શાવે છે. અને તેમાં આઈટીસી એક મહત્ત્વની કંપની કહી શકાય. આઈટીસીનો મુખ્ય કાચોમાલ તમાકુ અને તેના પાન ભારતમાં જ બને છે તેમાં પેકેજિંગ માટે મટિરિયલ અને વેસ્ટ પેપર પણ ભારતમાં જ મોટા પ્રમાણમાં હાંસલ થઈ રહ્યો છે અને **આઈટીસી**નું મોટા ભાગનું વેચાણ પણ ભારતના વિવિધ રાજ્યોમાં થાય છે. અને તેમ છતાં પણ રૂા. ૪૯૫ સુધી ગયેલો આ શેર અત્યારે રૂા. ૨૮૯માં મળે છે અને અત્યારના ભાવથી આઈટીસીના શેરમાં લગભગ પાંચ ટકાનું ડિવિડન્ડ યીલ્ડ છૂટે છે એટલે કે બેંકમાં તમે એફડી મૂકો અને તમને જે વ્યાજ છૂટે તેની સરખામણીમાં આઈટીસીના શેરમાં તમે રૂા. ૧ લાખ રોકશો તો પાંચ ટકા એટલે કે રૂા. ૫૦૦૦નું ડિવિડન્ડ દર વર્ષે મળી શકે અને સાથે સાથે અત્યારના ભાવથી આ શેરમાં નાખી દેતા ૫૦થી ૫૫ ટકા વૃદ્ધિની જગ્યા છે. શેર અત્યારે કેવળ ૧૭.૫૬ના પીઈરેશિયો ઉપર આવી ગયો છે અને છેલ્લા પાંચ વર્ષથી આઈટીસીના વેચાણોમાં લગભગ ૮.૮૧ ટકાનો વાર્ષિક વૃદ્ધિદર અને નફામાં વાર્ષિક ૫ ટકાનો વૃદ્ધિદર હાંસલ થયો છે. અને તેથી અત્યારના ઘટેલા ભાવે આ શેરમાં થોડું થોડું કરીને રોકાણ વધારી શકાય.

સામે પક્ષે **હિન્દુસ્તાન યુનિલિવર**માં સાબુ માટેના કાચામાલમાં આયાતી પ્રોડક્ટનો સમાવેશ થાય છે. તેમ છતાં તેના વેચાણોમાં નિકાસનો હિસ્સો નહિવત છે. અત્યારે હોમકેરમાંથી ૩૬ ટકા વેચાણો મેળવે છે જ્યારે બ્યૂટી અને પર્સનલ કેરમાંથી પણ ૩૬ ટકા વેચાણો હાંસલ થઈ રહ્યા છે. ફુડ અને રિફ્રેશમેન્ટ બિઝનેસમાંથી લગગ ૧૪ ટકા વેચાણો હાંસલ થઈ રહ્યા છે અને અત્યારે આ શેર તેના રૂા. ૨૬૬૦ના ટોપની સામે રૂા. ૨૦૩૯ ઉપર મળી રહ્યો છે એટલે કે આ શેરમાં અન્ય શેરોની સરખામણીમાં ઘટાડો નહિવત છે અને તેમ છતાં જે થોડોઘણો ઘટ્યો છે તે ભાવે પણ નફાશક્તિ ઉપર અસર થવાની સંભાવના નહિવત છે અને તેથી થોડાક હિંદલિવરના શેર પણ લઈને મૂકી શકાય.

એફએમસીજીમાં **નેસ્લે**નો શેર પણ આ જ પ્રકારે ભારતીય માર્કેટમાં પોતાનું ફોકસ ધરાવે છે. ઈન્સ્ટન્ટ કોફી ઉપરાંત મેગી અને અન્ય ચોકલેટ અને પીપરમીટના માર્કેટમાં મોટું ફોકસ ધરાવતી નેસ્લેમાં ભારતીય માર્કેટમાંજ લગભગ ૯૬ ટકા વેચાણો થઈ રહ્યા છે અને કેવળ ચાર ટકા વેચાણો નિકાસમાં જાય છે. કંપની દ્વારા ઓરિસ્સામાં દસમો પ્લાન્ટ ઊભો કરવામાં આવી રહ્યો છે અને આ પાસાને ધ્યાનમાં રાખીએ તો આગામી દિવસોમાં નેસ્લેના શેરમાં પણ ઘટવાની જગ્યા મર્યાદિત છે. અત્યારના ઘટેલા ભાવે ૧.૧૬ ટકાનું ડિવિડન્ડ યીલ્ડ છૂટી રહ્યું છે અને તેથી વારંવાર આવી તક નહિ મળે તે સમજીને થોડા થોડા કરીને નેસ્લેના શેરો ભેગા કરી શકાય.

**ડાબર**માં નિકાસનો મોટો હિસ્સો છે. કુલ ટર્નઓવરમાં ૨૫ ટકા પ્રોડક્ટો એશિયાઈ દેશો અમેરિકા, યૂરોપ, આફ્રિકા અને મધ્યપૂર્વના દેશોમાં નિકાસ થઆય છે અને કુલ નિકાસમાં મધ્યપૂર્વનો હિસ્સો લગભગ ૨૬ ટકા છે એટલે કે ડાબરના કુલ વેચાણોમાં લગભગ ૬ ટકા વેચાણો મીડલઈસ્ટના માર્કેટમાં વેચાય છે. અત્યારે ૧૪ પ્લાન્ટ ભારતમાં અને ૮ પ્લાન્ટ પરદેશમાં ધરાવતી ડાબરને અત્યારના તબક્કે યુઈએ, ઈજિપ્ત, ટર્કી વગેરે પ્લાન્ટમાં ઉત્પાદનને અસર પડે તે સ્વાભાવિક છે. પરંતુ સામે પક્ષે ભારતમાં તેનું અતિશય વિશાળ માર્કેટ છે અને નફામાં જે થોડોઘણો ઘટાડો શક્ય છે તેની સરખામણીમાં શેર રૂા. ૫૭૭ના ટોપથી ઘટીને અત્યારે રૂા. ૪૦૬ ઉપર આવી ગયો છે અને તે દૃષ્ટિએ નફાશક્તિમાં ઘટાડાનું પાસું શેરના ઘટાડામાં ડિસ્કાઉન્ટ થઈ ગયું છે. શેર અત્યારે કેવળ ૩૮.૮૦ના પીઈરેશિયો ઉપર આવી ગયો છે અને વા અઠવાડિયામાં એક વખત રૂા. ૩૯૯-૪૦૧ ઉપર આવ્યા પછી આ શેરમાં સુંદર ઉછાળાની જગ્યા છે અને તેથી આ શેરમાં પણ ફોકસ રાખી શકાય.

**મેરિકો**માં પણ નિકાસનો હિસ્સો ખૂબ જ નાનો છે અને સામે પક્ષે આયાતી પ્રોડક્ટોમાં કોપરું ખૂબ જ મુખ્ય છે અને તેમાં પણ અત્યારે ભાવમાં ઘટાડાનો તબક્કો ચાલી રહ્યો છે અને તેથી મેરિકો તેના રૂા. ૮૧૪ની સામે અત્યારે રૂા. ૭૩૨ આસપાસ મળી રહ્યો હોય તો તેમાં ૫૫ના પીઈરેશિયો ઉપર થોડાક શેરો લઈને મૂકી શકાય. જોખમ ફક્ત રૂા. ૧૫-૩૦નું પરંતુ ઉપરમાં મધ્યમગાળે આ શેરમાં વધવામાં રૂા. ૧૩૦ની જગ્યા છે. અને તેથી થોડા થોડા કરીને શેર ભેગા કરી શકાય.

એફએમસીજીમાં **પતંજલિ**નો શેર રૂા. ૪૬૧ ઉપર આવી ગયો છે અને તમામ એફએમસીજી શેરોમાં પતંજલિના શેરમાં લગભગ ૪૫ ટકાનું ગાબડું પડ્યું છે અને તે રીતે સૌથી વધારે અસર થઈ હોય તો આ શેરને છે. હજી પણ આ શેરમાં ઘટવાની જગ્યા બાકી છે અને તેથી આ શેરમાં નવા રોકાણની ઉતાવળ ન કરાય. શેર વધારે ઘટાડા સાથે એક તબક્કે રૂા. ૪૪૦-૪૨૦ સુધી ઉતરી જાય તો પણ નવાઈ નહિ લાગે.

સામે પક્ષે **તાતા કન્ઝ્યુમર**માં નિકાસો ઉપરાંત અમેરિકા અને અન્ય દેશોમાંથી પણ ખૂબ જ મોટા પાયે વેચાણો હાંસલ થઈ રહ્યા છે. સેવનોક્લોક, ટેટલી વગેરે બ્રાન્ડ પરદેશમાં ખૂબ જ વિશાળ માર્કેટ ધરાવે છે પરંતુ ભારતમાંથી નિકાસ નથી અને જે-તે દેશમાં જ તે પ્રોડક્ટોનું ઉત્પાદન થાય છે અને તેથી તાતા કન્ઝ્યુમરમાં પણ અત્યારના ભાવે વેચાણોને અસર થવાની સંભાવના નહિવત છે. સામે પક્ષે તાતાનું મીઠું, તાતાની ચા ભારતમાં ખૂબ જ જંગી વેચાણઓ ધરાવે છે. દેવાનો બોજો નહિવત છે અને ખૂબ જ સુંદર ડિવિડન્ડ પેઆઉટ પણ આપે છે અને આ પાસાને ધ્યાનમાં રાખીએ તો રૂા. ૧૨૫૪ના ટોપથી ઘટીને અત્યારના રૂા. ૧૦૧૮ના ભાવે પણ આ શેરમાં જોખમ નહિવત છે તેમ છતાં હજી થોડો સમય આ શેરમાં ભાવ એક વખત રૂા. ૯૮૦-૧૦૦૦ સુધી નીચો આવે તેની રાહ જોવી સલાહભરેલ છે અને તે પછી આ શેરમાં રોકાણ વધારી શકાય.

**ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ**માં પણ વધારે તીવ્ર ગાબડું પડ્યું છે. રૂા. ૧૩૧૯ થયેલો શેર ફક્ત રૂા. ૯૭૮ ઉપર ચાલે છે. અને તે દૃષ્ટિએ આ શેરમાં લગભગ ૩૩ ટકાનો ઘટાડો છે અને આ ઘટાડો થોડોક વધારે તીવ્ર કહી શકાય. અતિશય મોંઘા વેલ્યૂએશન ઉપર રહેતો આ શેર અત્યારે ઘટીને ૫૧ના વેલ્યૂએશન ઉપર આવ્યો છે અને તેથી આગામી દિવસોમાં હજી આ શેરમાં થોડાક ઘટાડાની જગ્યા છે અને નીચામાં રૂા.૬૬૮ આસપાસ આવે ત્યારે થોડાક શેરો લઈને મૂકી શકાય.

**કોલગેટ** મુખ્યત્વે ભારતના માર્કેટમાં ફોકસ ધરાવે છે અને તેમાં પણ નિકાસોને અસર થવાની સંભાવના નથી. અત્યારના રૂા. ૨૭૪૭ની સામે ભાવ સારો એવો નીચો આવી ગયો છે અને આ શેર અત્યારે કેવળ ૩૬.૭૦ના પીઈરેશિયો ઉપર ચાલે છે. કોલગેટમાં પણ ઘટેલા ભાવે થોડુંક વેલ્યૂબાઈંગ કરી શકાય.

**બ્રિટાનિયા** અત્યારે રૂા. ૫૪૦૦ ઉપર આવ્યો છે અને તેમાં રૂા. ૬૩૩૭નું ટોપ બન્યું હતું. નિસ્લીવાડિયા ગ્રૂપની આ કંપની ૧૦૦ વર્ષનો ભવ્ય ભૂતકાળ ધરાવે છે અને ભારતના માર્કેટમાં આ કંપની એક વિશ્વાસપાત્ર કંપની તરીકે નામના ધરાવે છે. હજી પણ આ શેરમાં થોડીક ઘટવાની જગ્યા બાકી છે અને તેથી અત્યારે રોકાણ કરવાને બદલે ઘટીને રૂા. ૫૧૫૦-૫૨૦૦ ઉપર આવે ત્યાં સુધી રાહ જોવી સલાહભરેલ છે.

**પ્રોડક્ટર એન્ડ ગેમ્બલ હાઈજીન એન્ડ હેલ્થકેર**નો શેર પણ રૂા. ૧૪૫૪૩ની સરખામણીમાં રૂા. ૯૫૬૦ ઉપર આવ્યો છે અને આ શેરમાં પણ લગભગ ૩૫થી ૪૦ ટકાનું ગાબડું છે. અત્યારના ૩૬.૩૦ના પીઈરેશિયોવાળા આ શેરમાં હજી પણ વધારે ભાવ તૂટશે તે સંભાવના દેખાય છે અને તેથી રોકાણ વધારવાની ઉતાવળ ન કરાય.

એફએમસીજીની સાથે સાથે ફાર્માસ્યુટિકલ બિઝનેસ ધરાવતી **મેનકાઈન્ડ ફાર્મા** અત્યારે રૂા. ૧૯૩૨ ઉપર છે. કંપનીના કુલ વેચાણોમાં ફાર્માસ્યુટિકલ પણ લગભગ અડધોઅડધ હિસ્સો ધરાવે છે અને તે પાસું ધ્યાનમાં રાખીએ તો આ બે બિઝનેસવાળી કંપનીમાં ૪૩નો પીઈરેશિયો ખૂબ જ ઊંચો છે અને તેથી અત્યારના ભાવથી આ શેરમાં હજી વધારે ઘટવાની જગ્યા હોવાથી એક્સપોઝર ઓછું કરી શકાય.

સામે પક્ષે **બિકાજી ફૂડ્સ** અત્યારે રૂા. ૬૧૯ ઉપર છે અને તેમાં રૂા. ૮૨૧નું ટોપ બન્યું હતું. આ કંપની ભારતની ત્રીજા નંબરની સૌથી મોટી સ્નેક્સ ઉત્પાદક કંપની છે અને તેના બહુમતી વેચાણો ભારતમાં જ છે અને આ પાસું ધ્યાનમાં રાખીએ તો બિકાજી ઈન્ટરનેશનલમાં પણ અત્યારના ઘટેલા રૂા. ૬૧૯ના ભાવે જોખમ મર્યાદિત છે અને તેમ છતાં આ શેરમાં હજી નવું રોકાણ કરવાની ઉતાવળ ન કરાય.

સિગારેટના બિઝનેસની અન્ય કંપની **ગ્રોડફ્રે ફિલિપ્સ** અત્યારે રૂા. ૩૮૮૧ ઉપર આવી ગયો છે અને આ શેરમાં થોડા સમય પહેલા જ રૂા. ૩૯૪૭નું ટોપ જોવાયું હતું. આમ ભાવમાં ખૂબ જ મોટો ઘટાડો છે અને શેર ફક્ત ૨૨.૬૦ના પીઈરેશિયો ઉપર આવી ગયો છે. આ શેરમાં હજી થોડો સમય નબળાઈ ચાલુ રહે તે સંભાવના છે. અને તેથી થોડા થોડા કરીને શેર ભેગા કરી શકાય. ગ્રોડ ફ્રે ફિલિપ્સમાં અત્યારના ભાવથી ૧.૬૭ ટકાનું ડિવિડન્ડ યીલ્ડ છૂટે છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

સરકાર દ્વારા પેટ્રોલ અને ડિઝલમાં વધારે ઈથેનોલ ભેળવવાની મંજૂરી અપાય તે સંભાવના છે. જે રીતે પેટ્રોલ અને ડિઝલના ભાવ વધ્યા છે તે જોતા ઈથેનોલનું વધારે મિશ્રણ કરવામાં આવે તો સરકારે મોટા પાયે ભાવ વધારો ન કરવો પડે અને આ પાસાને ધ્યાનમાં રાખીએ તો ઈથેનોલ ઉત્પાદન કરતી કંપનીઓ **બલરામપુર ચીની, બબનામ સુગર, ધામપુર સુગર, શ્રી રેણુકા સુગર** વગેરે શેરોને ફાયદો થવાની સંભાવના છે. પરંતુ સામે પક્ષે આ ડેવલપમેન્ટને કારણે દારૂ બનાવતી કંપનીઓ માટે પૂરતા પ્રમાણમાં સ્પીરીટનું ઉત્પાદન નહિ થાય અને તેમની પડતર વધે તે સંભાવના પણ છે. આમ આગામી દિવસોમાં દારૂ ઉત્પાદક કંપનીઓ દ્વારા વેચાણ વધારવા પડે અને તે રીતે તેમનો નફો આડકતરી રીતે વધે તે સંભાવના મજબૂત છે.

દારૂમાં ડિમાન્ડ ઈનઈલાસ્ટિક હોય છે અને તેથી કિંમતો વધે પરંતુ માંગને અસર નહિવત પડે છે. અને આ પાસાને ધ્યાનમાં રાખીએ તો અત્યારના ભાવે **યુનાઇટેડ સ્પીરીટ** અને **યુનાઇટેડ બ્રુવરી**ના શેરમાં ફોકસ કરી શકાય. યુનાઈટેડ સ્પીરીટમાં રૂા. ૧૬૪૫ના ટોપથી ઘટીને રૂા. ૧૨૧૯નો ભાવ આવી ગયો છે. જ્યારે યુનાઈટેડ બ્રુવરીઝ અત્યારે રૂા.૧ ૫૦૦ ઉપર છે અને તેમાં રૂા. ૨૨૯૫નું ટોપ બન્યું હતું. આમ યુનાઈટેડ બ્રુવરીઝમાં ભાવ થોડોક વધારે પડતો તૂટ્યો છે અને તેમ છતાં આ શેર ૯૪.૪૦ના થોડાક મોંઘા પીઈરેશિયો ઉપર ચાલી રહ્યો છે. આ શેરમાં આગામી દિવસોમાં હજી ભાવ વધારે તૂટે તો નવાઈ નહિ લાગે.





## ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, ઈરાન સાથેના યુદ્ધ અંગે પૂરતી માહિતીનો ઈન્વેસ્ટરોમાં અભાવ અને તેને કારણે અમેરિકન પ્રમુખના રોજબરોજના સ્ટેટમેન્ટને કારણે બજારમાં અતિશય તીવ્ર વધઘટનો તબક્કો, તેમ છતાં અસંખ્ય સોલિડ ફન્ડામેન્ટલવાળા શેરો પાણીના ભાવે મળી રહ્યા હોવાથી વેલ્યૂ ઈન્વેસ્ટરોને લીલાલહેર. ખૂબ જ મોટા પાયે માલ કવર થઈ રહ્યો છે.
- **એચડીએફસી બેંક**, દેશની સૌથી મોટી પ્રાઈવેટ સેક્ટર બેંક અને પ્રાઈવેટ બેંકોના ધિરાણોમાં ૩૪ ટકા માર્કેટ હિસ્સો તેમ છતાં ચેરમેનના વિચિત્ર વલણ અને અચાનક રાજીનામાને કારણે આ શેર ઉપર નકારાત્મક અસર. અત્યારના ઘટીને રૂા. ૭૫૧ ઉપર આવેલા આ શેરમાં અનેક મોટા ઈન્વેસ્ટરોની લેવાલી. મધ્યમગાળે આ શેરમાં ૪૫થી ૫૦ ટકા રિટર્નની ગણતરી.
- **ઈટર્નલ**, ઈરાન સાથેના યુદ્ધને કારણે ફુડ ડિલિવરી અને ક્વિક કોમર્સ બિઝનેસ ઉપર નહિવત અસર અને તે પાછળ આ શેરમાં ફરી એક વખત આકર્ષણ વધવા લાગ્યું છે. બોટમઆઉટ થઈને રૂા. ૨૩૨ ઉપર, ટોચના ફંડ મેનેજરોએ આ શેર માટે રૂા. ૪૧૦-૪૪૦નું લક્ષ્યાંક આપ્યું છે. અત્યારના ભાવથી નાખી દેતા ૭૦-૮૦ ટકા રિટર્નની જગ્યા. થોડા થોડા કરીને ભેગા કરતા જવાય.
- **એચડીએફસી લાઈફ**, છેલ્લા થોડા દિવસો દરમ્યાન આ શેર ખૂબ જ તૂટી ગયો પરંતુ અત્યારના રૂા. ૫૬૬ના ભાવે ઘટવાની જગ્યા નહિવત અને તેથી લોંગટર્મ ઈન્વેસ્ટરો માટે ખાનગી ઈન્સ્યોરન્સ બિઝનેસવાળા આ શેરમાં એન્ટ્રી લેવાનો સોલિડ ચાન્સ. થોડાક શેરો લઈને મૂકી શકાય. સુંદર બાઉન્સબેક સાથે ઉપરમાં રૂા. ૫૮૦નો ભાવ જોવા મળે અને તે પછી ધીમા સુધારા સાથે ૧૨ મહિને રૂા. ૭૦૦-૭૫૦ના ભાવની સંભાવના મજબૂત.
- **તાતા મોટર્સ પેસેન્જર વૈહિકલ**, આ શેર પણ છેલ્લા ઘણા સમયથી સતત તૂટી રહ્યો હતો, પરંતુ હવે માર્ચ મહિનાના વેચાણોના આંકડા બહાર આવતા આ શેરમાં વધેલું આકર્ષણ, રૂા. ૩૦૩ના ભાવે ખોટો નથી. થોડા થોડા કરીને ભેગા કરી શકાય. ઈલેક્ટ્રિક વાહનોમાં અત્યારે ગ્રાહકોની જોરદાર ફેન્સી. શોર્ટટર્મ બાઉન્સબેકમાં જ આ શેરમાં રૂા. ૩૧૫-૩૨૦ના ભાવની સંભાવના મજબૂત, મધ્યમગાળે રૂા. ૩૮૦નો ભાવ પણ જોવા મળે.
- **તાતા સ્ટીલ**, મધ્યપૂર્વના દેશોમાં થયેલી ખાનાખરાબી પછી સ્ટીલ અને સિમેન્ટની માંગ જોરદાર વધશે. તાતા સ્ટીલને મોટો ફાયદો મળવાનો, શેર અત્યારે રૂા. ૧૯૪ ઉપર, ડિવિડન્ડ વળતરની રીતે પણ સુંદર રકમ મળી રહી છે. જોખમ રૂા. ૫નું, શોર્ટટર્મમાં જ રૂા. ૨૫ વધવાની જગ્યા, જ્યારે બે-ત્રણ વર્ષમાં રૂા. ૩૯૦-૪૦૦ના ભાવની આરએસની વાત.
- **ટીસીએસ**, નવા અઠવાડિયે મંગળવારે જ પરિણામો જાહેર કરશે અને તેમાં ડિવિડન્ડ અને નફાના આંકડા જોરદાર આવવાની મુંબઈના ખેલાડીઓની ધારણા, બોટમઆઉટ થઈને હવે રૂા. ૨૪૫૦ થયો છે. થોડાક શેરો લઈને મૂકી શકાય. પરિણામ પછી આ શેરમાં ઝડપી ઉછાળા સાથે ઉપરમાં રૂા. ૨૫૨૫ અને તે પછી ધીરે ધીરે રૂા. ૨૬૨૬ના ભાવની સંભાવના મજબૂત.
- **ભારત ઈલેક્ટ્રોનિક્સ**, ડિફેન્સ શેરમાં સિલેક્ટિવ આકર્ષણ વધ્યું અને તેમાં રૂા. ૪૨૨ ઉપર આવી ગયેલા ભારત ઈલેક્ટ્રોનિક્સમાં લેવાલી વધતી જાય છે. શોર્ટટર્મ માટે થોડાક શેરો લઈને મૂકી શકાય. ઉપરમાં રૂા. ૪૩૩-૪૫૦ના ભાવની સંભાવના મજબૂત.
- **ટાઇટન**, સોનામાં હજી પણ મજબૂત તેજી અને ટાઈટન ઉપર તેનો ફાયદો, ખરાબ બજારમાં પણ સતત વધીને રૂા. ૪૦૯૭ થયો છે. થોડા-થોડા કરીને ભેગા કરતા જજો. ધીમા સુધારા સાથે રૂા. ૪૧૫૧ અને તે પછી રૂા. ૪૨૨૨નો ભાવ જોવા મળે.
- **જીઓ ફિનાન્સીયલ**, ગ્રૂપ કંપનીનો આઈપીઓ હવે દૂર નથી અને તે પાછળ જીઓ ફિનાન્સીયલ શેરમાં પણ આકર્ષણ વધ્યું, પરિણામો પ્રોત્સાહક આવવાની જગ્યા, ઘટીને રૂા. ૨૨૯ના ભાવે મળી રહ્યો છે. થોડા થોડા કરીને ભેગા કરી શકાય. ઉપરમાં રૂા. ૨૫૦-૨૬૦ ટૂંક સમયમાં જોવા મળવાની સંભાવના.
- **લાર્સન એન્ડ ટૂબ્રો**, મધ્યપૂર્વના દેશોમાંથી જોરદાર પ્રોજેક્ટો યુદ્ધ પછી મળવાની સંભાવના. રૂા. ૩૬૧૩માં ખોટો નથી. નાના લોટમાં ભેગા કરાય.

## Important Weblinks for Today

https://chanakyanipothi.com/
https://chanakyanipothi.com/ipo-gmp/
https://chanakyanipothi.com/intraday-trading/
https://chanakyanipothi.com/grey-market-premium/
https://chanakyanipothi.com/ipo-subscription-status/
https://chanakyanipothi.com/ipo-allotment-status-how-to-check/
https://chanakyanipothi.com/category/ipo-listing-estimates/
https://chanakyanipothi.com/upcoming-ipos-2025/
https://sahifund.com/
https://sahifund.com/sip/
1) https://sahifund.com/whiteoak-capital-large-cap-fund/
2) https://sahifund.com/latest-new-fund-offers/
3) https://sahifund.com/dsp-multi-asset-allocation-fund/
4) https://sahifund.com/icici-prudential-flexicap-fund/
5) Sahifund bottom
https://chanakyanipothi.com/best-stock-to-buy-today/
https://chanakyanipothi.com/news-crux/
https://chanakyanipothi.com/fii-data-today/
https://sahifund.com/fii-dii-buy-sell-activity/
https://chanakyanipothi.com/chanakya-niti/
https://chanakyanipothi.com/fujiyama-power-systems-ipo/
https://chanakyanipothi.com/tenneco-clean-air-ipo-date-price-gmp-review-details/
https://chanakyanipothi.com/physicswallah-ipo-date-review-price-allotment-details/
https://chanakyanipothi.com/emmvee-photovoltaic-ipo-date-review-price-allotment-details/
https://chanakyanipothi.com/pine-labs-ipo-date-review-price-allotment-details/
https://chanakyanipothi.com/sme-ipo-watch/workmates-core2cloud-ipo/
https://chanakyanipothi.com/sme-ipo-watch/mahamaya-lifesciences-ipo/
https://chanakyanipothi.com/sme-ipo-watch/shining-tools-ipo/
https://sahifund.com/canara-robeco-consumer-trends-fund/
https://chanakyanipothi.com/sme-ipo-watch/curis-lifesciences-ipo/
https://sahifund.com/groww-nifty-midcap-150-etf-growth/
https://sahifund.com/360-one-focused-fund/
https://sahifund.com/aditya-birla-sun-life-nifty-bank-etf/
https://chanakyanipothi.com/stock-market-today-by-vaishali-parekh/
https://chanakyanipothi.com/technical-analysis-of-the-market-by-nagaraj-shetti/
https://chanakyanipothi.com/reliance-share-price-target-strategy-today/
https://chanakyanipothi.com/winning-strategy-for-gold-trading-tomorrow/
https://chanakyanipothi.com/rupee-dollar-exchange-rate-guidance/
https://chanakyanipothi.com/chanakya-community/


**ડ્રાઈવર ?**



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ

**staffavailable.com**

ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

**તદ્દન ફ્રી**

**staffavailable.com**

https://staffavailable.com/



## Gautam Exim Limited

**(CIN: L51100GJ2005PLC046562 )**

**Registered Office: Plot No. 29,Pavitra, Second Floor, Chharwada Road, Opp. Sargam Society, GIDC, Vapi - 396195, Gujarat, India.**

Email : info@gautamexim.com / grrpl1850@gmail.com

Web.: www.gautamexim.com

**અસાધારણ સામાન્ય સભાની સૂચના,દૂરસ્થ ઈ-વોટિંગ માહિતી અને કટ-ઓફ તારીખની માહિતી**

આથી સુચના આપવામાં આવે છે કે ગૌતમ એક્ઝિમ લિમિટેડના સભ્યોની અસાધારણ સામાન્ય સભા(EGM)ગુરૂવાર,૩૦મી એપ્રિલ,૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે વિડિયો કોન્ફરન્સ (VC)અથવા અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમ(OAVM)દ્વારા યોજાશે.આ બેઠક કોર્પોરેટ કાર્ય મંત્રાલય(MCA), ભારત સરકાર દ્વારા જારી કરાયેલા જનરલ સર્ક્યુલર નં ૧૪/૨૦૨૦,૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦,૦૨/૨૦૨૧,૧૯/૨૦૨૧,૨૧/૨૦૨૧,૦૨/૨૦૨૨,૧૦/૨૦૨૨ અને ૦૯/૨૦૨૩,(તારીખ ક્રમે ૮ એપ્રિલ,૨૦૨૦, ૧૩ એપ્રિલ,૨૦૨૦, ૫ મે ૨૦૨૦,૧૩ જાન્યુઆરી,૨૦૨૧,૮ ડિસેમ્બર,૨૦૨૧,૧૪ ડિસેમ્બર,૨૦૨૧,૫ મે,૨૦૨૨,૨૮ ડિસેમ્બર,૨૦૨૨ અને ૨૫ સપ્ટેમ્બર,૨૦૨૩)તથા સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા(SEBI)દ્વારા જારી સંબંધિત સર્ક્યુલર્સના પાલન સાથે યોજશે,જેમાં EGM ની સૂચનામાં દર્શાવેલ કારોબાર હાથ ધરવામાં આવશે.

ઉપરોક્ત પરિપત્રો મુજબ, EGM ની સૂચના રોજ ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા તે સભ્યોને મોકલવામાં આવશે જેમના ઈમેલ આઈડી કંપની/ડિપોઝિટરી સાથે ૬ એપ્રિલ,૨૦૨૬નાં રોજ નોંધાયેલા છે.કંપની તેના તમામ સભ્યોને ઈ-વોટિંગ તથા રિમોટ ઈ-વોટિંગની સુવિધા પણ પ્રદાન કરી રહી છે.

દૂરસ્થ ઈ-વોટિંગ પ્રકિયા સોમવાર,૨૭ એપ્રિલ,૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે શરૂ થશે અને બુધવાર,૨૯ એપ્રિલ,૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦વાગ્યે પૂર્ણ થશે.મતદાન માટે પાત્રતા નક્કી કરવા માટે કટ-ઓફ તારીખ ગુરૂવાર,૨૩ એપ્રિલ,૨૦૨૬ નક્કી કરવામાં આવી છે.

જો તમારો ઈમેલ આઈડી કંપની/ડિપોઝિટરી સાથે નોંધાયેલો હોય,તો EGM ની સૂચના તથા ઈ-વોટિંગ માટેના લોગિન ક્રેડેન્શિયલ્સ તમારા નોંધાયેલા ઈમેલ સરનામે મોકલવામાં આવશે.જો તમે તમારો ઈમેલ આઈડી કંપની/ડિપોઝિટરી સાથે નોંધાવ્યો ન હોય,તો ઈ-વોટિંગ માટે લોગિન વિગતો મેળવવા માટે કૃપા કરીને નીચે આપેલ સૂચનાઓ અનુસાર તમારો ઈમેલ આઈડી નોંધાવો.

ભૌતિક હોલ્ડિંગઃ શેરહોલ્ડર્સને વિનંતી કરવામાં આવે છે કે તેઓ કંપનીની અતિરિક્ત સામાન્ય સભા (EGM) માટે પોતાના ઈમેલ આઈડી,મોબાઈલ નંબર,બેંક ખાતાની વિગતો તથા અન્ય જરૂરી માહિતી From ISR-1 અને SEBI દ્વારા નિર્ધારિત અન્ય સંબંધિત ફોર્મમાં પૂરી કરી કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ Bigshare Services Private Limited પાસે જમા કરાવે.ઈમેલ આઈડીઃ harshada@bigshareonline.com વેબસાઈટઃ www.bigshareonline.com. આ સદર્ભમાં SEBI દ્વારા નિર્ધારિત સંબંધિત ફોર્મ RTA ની વેબસાઈર પર ઉપલબ્ધ છે.સભ્યોને વિનંતી છે કે તેઓ આ બાબતનું ધ્યાન રાખે અને પોતાની વિગતો સમયસર અપડેટ કરે.

ડિમેટ હોલ્ડિંગઃસભ્યોને વિનંતી છે કે તેઓ તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (DP) નો સંપર્ક કરી DP દ્વારા જણાવેલ પ્રકિયા મુજબ પોતાની ઈમેલ આઈડી નોંધણી કરે.

EGM ની સૂચના કંપનીની વેબસાઈટ www.gautamexim.com તેમજ સ્ટોક એક્સચેન્જની www.bseindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.VC/OAVM દ્વારા બેઠકમાં હાજરી આપનાર સભ્યોને કંપની અધિનિયમ,૨૦૧૩ની કલમ ૧૦૩ મુજબ ક્વોરમ માટે ગણવામાં આવશે.

**For Gautam Exim Limited**

SD/-
**Rajkumar Agrawal**
**Director**
**DIN - 11129059**

**Place : Vapi**
**Date : 04/04/2026**